સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS



અમદાવાદ મેટ્રો સેવાના પ્રથમ ચરણનું વસ્ત્રાલ ખાતેથી ઉદ્દઘાટન



અયોધ્યા વિવાદ મધ્યસ્થી દ્વારા ઉકેલવા સુપ્રીમ કોર્ટનો આદેશ



પ્રધાનમંત્રી શ્રમયોગી માન–ધન (PM-SYM) યોજનાનો શુભારંભ




ઉત્તરપ્રદેશના અમેઠીમાં AK-203 Assault Rifleના કારખાનાનું ઉદ્દઘાટન



GSPમાંથી ભારતને બહાર કરવાની અમેરિકાની જાહેરાત

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[MAR-2019]
[03/03 to 09/03]

# WEEK-10

**CURRENT**

- SASGUJ PROJECT'નો પાલનપુરથી શુભારંભ
- પ્રયાગરાજ કુંભ 2019માં ત્રણ ગિનીજ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા
- 'મનકી બાત : રેડિયો પર એક સામાજિક પરિવર્તન' પુસ્તકનું વિમોચન
- વન નેશન વન કાર્ડનું અનાવરણ
- ભારતના ઈતિહાસમાં સૌપ્રથમ વખત રૂ.20નો સિક્કો ચલણમાં મૂકવામાં આવશે
- ISSF શૂટિંગ વર્લ્ડ કપ 2019

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

# 3 MARCH, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 3 માર્ચ, વિશ્વ વન્ય જીવ દિવસ (World Wildlife Day)

જંગલી જીવો અને વનસ્પતિયો અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 3 માર્ચના રોજ **'વિશ્વ વન્ય જીવ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

WORLD WILDLIFE DAY
3 MARCH

- આ દિવસની ઉજવણી માટે **થાઈલેન્ડ** દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના **68મા સત્ર**માં **20 ડિસેમ્બર, 2013**ના રોજ આ દિવસની ઉજવણી માટે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2019ની 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે'ની થીમ **'Life below water : for people and planet' (પાણી નીચેનું જીવન : લોકો અને ગ્રહ માટે)** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 'મન કી બાત : રેડિયો પર એક સામાજિક પરિવર્તન' પુસ્તકનું વિમોચન



2 માર્ચ, 2019ના રોજ ભારતના નાણા મંત્રી **શ્રી અરૂણ જેટલીએ** **નવી દિલ્હીના રાષ્ટ્રીય મીડિયા સેન્ટરમાંથી 'મન કી બાત : રેડિયો પર એક સામાજિક પરિવર્તન' (MANN KI BAAT : A Social Revolution on Radio)** નામના પુસ્તકનું વિમોચન કર્યું છે.

- આકાશવાણી દ્વારા ભારતમાં પ્રસારિત કરવામાં આવતા વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના **'મન કી બાત'** કાર્યક્રમના **50** એપિસોડને આધારે આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

### મન કી બાત

'મન કી બાત' કાર્યક્રમ દ્વારા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના નાગરિકોને સંબોધિત કરે છે.

- મોટે ભાગે મહિનામાં એક વખત યોજાતો આ કાર્યક્રમ **All India Radio**, **DD National** અને **DD News** પર પ્રસારિત થાય છે.
- **3 ઓક્ટોબર, 2014** ને **વિજયાદશમી**ના રોજ ભારતમાં આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.
- 24 ફેબ્રુઆરી, 2019 સુધીમાં તેના 53 એપિસોડ પ્રસારિત થઈ ચૂક્યા છે.

**નોંધ :** (1) આ કાર્યક્રમનો **50મો એપિસોડ** All India Radio પર **25 નવેમ્બર, 2018**ના રોજ પ્રસારિત થયો હતો.

(2) **જાન્યુઆરી, 2015**માં પ્રસારિત થયેલા 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ **શ્રી બરાક ઓબામાએ** પણ ભાગ લીધો હતો અને લોકોના પત્રોના જવાબ આપ્યા હતા.

(3) **2 જૂન, 2017**થી **છત્તીસગઢ, હરિયાણા અને ઝારખંડ**ની સ્થાનિક ભાષામાં પણ આ કાર્યક્રમના પ્રસારણની શરૂઆત કરવામાં આવી છે.

## ➤ ISSF શૂટિંગ વર્લ્ડ કપ 2019




તાજેતરમાં 20-28 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ભારતમાં <u>નવી દિલ્હી</u> ખાતે <u>ISSF શૂટિંગ વર્લ્ડ કપ 2019</u>નું આયોજન થયું હતું.

- જેમાં કુલ <u>3-3 ગોલ્ડ મેડલ</u> સાથે <u>ભારત અને હંગેરી</u> મેડલ ટેબલમાં <u>પ્રથમ</u> ક્રમે છે.
- જ્યારે <u>ચીન</u> ભારત અને હંગેરી બાદ <u>ત્રીજા</u> અને <u>રશિયા ચોથા</u> ક્રમે છે.

**ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ**

| ક્રમ | નામ | ઈવેન્ટ | રાજ્ય |
|---|---|---|---|
| 1. | શ્રી સૌરભ ચૌધરી | 10 મીટર એર પિસ્ટલ | ઉત્તરપ્રદેશ |
| 2. | સુશ્રી અપૂર્વી ચંદેલા | 10 મીટર એર રાઈફલ | રાજસ્થાન |
| 3. | શ્રી સૌરભ ચૌધરી અને સુશ્રી મનુ ભાકર | 10 મીટર એર પિસ્ટલ (મિક્સ્ડ ટીમ) | ઉત્તરપ્રદેશ અને હરિયાણા |

**નોંધ :** ISSFનું પૂરું નામ 'International Shooting Sport Federation' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ દિલ્હી સૌથી વધુ ઈ-બસ ચલાવનાર ભારતનું પ્રથમ શહેર બનશે

તાજેતરમાં દિલ્હી સરકાર દ્વારા <u>દિલ્હી</u> માટે <u>1000 ઈ-બસ (Electric Bus)</u> ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે.

- એક સાથે આટલી મોટી સંખ્યામાં ઈ–બસ ચલાવનાર દિલ્હી ભારતનું <u>પ્રથમ શહેર</u> બની જશે.
- દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યાના નિવારણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ➤ ગુવાહાટીમાં ભારતનું પ્રથમ ઓઈલ મ્યુઝિયમ બનશે

ભારતમાં <u>આસામ</u>ના <u>ગુવાહાટી</u>માં <u>ભારતનું</u> <u>પ્રથમ ઓઈલ મ્યુઝિયમ</u> બનાવવામાં આવશે.

- રૂ. 104 કરોડના ખર્ચે બનનાર આ મ્યુઝિયમના નિર્માણમાં ONGC, IOC, HPCL અને BPCL મદદ કરશે.
- ભારતમાં ઓઈલની સૌપ્રથમ શોધ <u>આસામ</u>માં જ થઈ હતી.

**નોંધ :** (1) ભારતમાં ઓઈલની સૌપ્રથમ શોધ <u>આસામ</u>ના <u>દિગ્બોઈ</u>માં થઈ હતી.

(2) ઈ.સ. <u>1901</u>માં આસામના <u>દિગ્બોઈ</u>માં એશિયાનો પ્રથમ તેલનો કૂવો ખોદવામાં આવ્યો હતો.

(3) <u>દિગ્બોઈ</u>ને આસામના <u>'Oil City'</u> તરીકે ઓળખવામાં આવે છે.

## ➤ વિશ્વની સૌથી મોટી ભગવદ્ ગીતાનું વિમોચન

તાજેતરમાં ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદીએ</u> <u>નવી દિલ્હી</u>માં આવેલા <u>ઈસ્કોન મંદિર</u>માં <u>વિશ્વની સૌથી મોટી ભગવદ્ ગીતાનું</u> વિમોચન કર્યું છે.

- ઈસ્કોન સંસ્થાના સ્થાપક સ્વામી પ્રભુપાદ દ્વારા ગીતાના પ્રચારના 50 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આ ગ્રંથ પ્રકાશિત

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## આ ગ્રંથની વિશેષતા

(1) ઈસ્કોન સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વિશ્વની સૌથી મોટી ગીતાનું નિર્માણ રૂ. 1.5 કરોડના ખર્ચે ઈટલીના મિલાન શહેરમાં થયું છે.

(2) આ મહાગ્રંથનો વજન 800 કિલોગ્રામ છે.

(3) આ ગ્રંથમાં 670 પૃષ્ઠ છે, અને તેની સાઈઝ 2.84 × 2.0 મીટર છે. આ પ્રત્યેક પૃષ્ઠને ફેરવવા માટે 3 થી 4 વ્યક્તિઓની જરૂર પડે છે.

(4) આ ગ્રંથ મજબૂત સિંથેટિક કાગળ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને તેમાં સોનું, ચાંદી અને પ્લેટિનમ જેવી ધાતુઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(5) આ ગ્રંથના કવર પેઈજને સોનાથી મઢવામાં આવ્યું છે.


સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા ICE દ્વારા
બિનસચિવાલયની પરીક્ષા માટે ફ્રી પરીક્ષાલક્ષી લેક્ચર

જાહેર વહીવટ
અને
ભારતનું બંધારણ

- જાહેર વહીવટના નિષ્ણાત દ્વારા અભ્યાસ
- જાહેર વહીવટની બિન સચિવાલય કલાર્ક માટે પરીક્ષાલક્ષી તૈયારી
- સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ, પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
- જાહેર વહીવટ અંગે કન્સેપ્ચ્યુઅલ અને વિશ્લેષણાત્મક માર્ગદર્શન

ફ્રી MEGA લેક્ચર

17/3/19 થી શરૂ
માત્ર દર રવિવારે

BATCH-1 9:00 to12:00 AM
BATCH-2 3:00 to 6:00 PM

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

9377301110

કોઈપણ એક સમય અને એક બેચ માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

## ICE Questions

1. 'વિશ્વ વન્ય જીવ દિવસ' અથવા તો 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની થીમ શું છે ?
(A) It's time to get serious about wildlife crime
(B) Big cats - predators under threat
(C) The future of wildlife is in our hands
(D) Life below water : for people and planet **(D)**

3. 2 માર્ચ, 2019ના રોજ નવી દિલ્હી ખાતે કોના દ્વારા 'મન કી બાત : રેડિયો પર એક સામાજિક પરિવર્તન' પુસ્તકનું વિમોચન થયું છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ (C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી અરૂણ જેટલી **(D)**

4. 'મન કી બાત' કાર્યક્રમના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. 3 ઓકટોબર, 2014ના રોજ તેનો પ્રારંભ થયો હતો.
2. 3 નવેમ્બર, 2018ના રોજ તેનો 50મો એપિસોડ પ્રસારિત થયો હતો.
(A) 1 અને 2 (B) ફકત 1 (C) ફકત 2 (D) એકપણ નહિ **(B)**

5. તાજેતરમાં ફેબ્રુઆરી 2019માં નવી દિલ્હી ખાતે યોજાયેલા ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતને કુલ કેટલા ગોલ્ડ મેડલ મળ્યા હતા ?
(A) 2 (B) 3 (C) 4 (D) 6 **(B)**

6. તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન નવી દિલ્હી ખાતે યોજાયેલા ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં નીચેનામાંથી ભારતના કયા ખેલાડીને ગોલ્ડ મેડલ મળ્યો ન હતો ?
(A) સુશ્રી અપૂર્વી ચંદેલા (B) સુશ્રી મેહુલી ઘોષ
(C) સુશ્રી મનુ ભાકર (D) શ્રી સૌરભ ચૌધરી **(B)**

7. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતના સુશ્રી અપૂર્વી ચંદેલાને કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો ?
(A) 10 મીટર એર પિસ્ટલ (B) 25 મીટર એર પિસ્ટલ
(C) 10 મીટર એર રાઈફલ (D) 25 મીટર એર રાઈફલ **(C)**

8. તાજેતરમાં ભારતના કયા શહેર માટે 1000 ઈ–બસ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) અમદાવાદ (B) મુંબઈ (C) દિલ્હી (D) બેંગાલુરૂ **(C)**

9. ભારતના કયા શહેરમાં ભારતનું પ્રથમ ઓઈલ મ્યુઝિયમ બનાવવામાં આવશે ?
(A) દિગ્બોઈ, આસામ (B) ઈટાનગર, અરૂણાચલ પ્રદેશ
(C) ઈમ્ફાલ, મણિપુર (D) ગુવાહાટી, આસામ **(D)**

10. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી મોટી ભગવદ્ગીતાનું કયાંથી વિમોચન કર્યું છે ?
(A) ઈસ્કોન મંદિર, અમદાવાદ (B) ઈસ્કોન મંદિર, નવી દિલ્હી
(C) ઈસ્કોન મંદિર, પાણીપત (D) ઈસ્કોન મંદિર, ગુરુગ્રામ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 4 MARCH, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 4 માર્ચ, રાષ્ટ્રીય સુરક્ષા દિન

### ➤ ભારતની પ્રથમ National Institute of Mental Health Rehabilitation (NIMHR)નો શિલાન્યાસ

3 માર્ચ, 2019ના રોજ ભારતના સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલય હેઠળના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના સચિવ શ્રીમતી શકુંતલા ડી. ગેમલિને મધ્યપ્રદેશમાં ભારતની પ્રથમ National Institute of Mental Health Rehabilitation - NIMHR (રાષ્ટ્રીય માનસિક પુનર્વસન સંસ્થા)નો શિલાન્યાસ કર્યો છે.

- મધ્યપ્રદેશમાં શિહોર જિલ્લાના શેરપુર નામના ગામમાં આ સંસ્થાનું નિર્માણ કરવામાં આવશે.
- ભારતમાં માનસિક સ્વાસ્થ્યના પુનવર્સન તેમજ માનસિક બિમારીવાળા વ્યક્તિઓના પુનર્વસન માટે નીતિ અને કાર્યક્રમો ઘડવા આ સંસ્થા સરકારને મદદ કરશે.
- આ સંસ્થાના નિર્માણ માટે મધ્યપ્રદેશ સરકારે 25 એકર જમીન મફતમાં આપી છે. અને કેન્દ્ર સરકારે પ્રારંભિક ત્રણ વર્ષ માટે રૂ. 180 કરોડના ખર્ચની મંજૂરી આપી છે.
- આ સંસ્થાના બિલ્ડિંગનું નિર્માણ કેન્દ્રીય લોક નિર્માણ વિભાગ, ભોપાલ દ્વારા કરવામાં આવશે.

### ➤ ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો

ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષે પાંચ દિવસનો મેળો યોજાય છે. આ અંતર્ગત વર્ષ 2019માં આ મેળાનું ઉદ્‌ઘાટન ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ કર્યુ હતું.

- આ મેળાને વર્ષ 2019થી ગુજરાત સરકાર દ્વારા 'મિનીકુંભ' નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મેળામાં શિવરાત્રીના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગીકુંડમાં સ્નાન કરે છે.

**નોંધ :** ભારતમાં મહાવદ–13(તેરસ)ની રાત્રી 'મહાશિવરાત્રી' તરીકે ઉજવાય છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ પ્રયાગરાજ કુંભ 2019માં ત્રણ ગિનીજ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા


તાજેતરમાં ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે યોજાયેલા કુંભ મેળામાં 'પ્રયાગરાજ કુંભ 2019'ને ત્રણ ક્ષેત્રોમાં ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. આ ત્રણ ક્ષેત્રોના નામ આ પ્રમાણે છે:

(1) **સૌથી મોટી ટ્રાફીક અને ભીડ મેનેજમેન્ટ યોજના** : આ માટે 28 ફેબ્રુઆરી 2019ના રોજ હાઈવે પર 503 શટલ બસો સેવામાં મૂકવામાં આવી હતી.

(2) **પેઈન્ટ માય સિટી યોજના અંતર્ગત જાહેર સ્થળોએ સૌથી મોટું પેઈન્ટિંગ** : આ માટે 1 માર્ચ, 2019ના રોજ અનેક લોકોએ પેઈન્ટિંગમાં ભાગ લીધો હતો.

(3) **સ્વચ્છતા અને કચરાના નિકાલ માટેનું સૌથી મોટું તંત્ર** : આ માટે 1 માર્ચ, 2019ના રોજ પ્રયાગરાજ કુંભમાં એક સાથે 10,000 જેટલા સફાઈ કર્મચારીઓએ સફાઈ કાર્ય કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ઉત્તરપ્રદેશના અમેઠીમાં AK-203 Assault Rifleના કારખાનાનું ઉદ્‌ઘાટન

3 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશ**ના **અમેઠી** ખાતે **AK-203 Assault Rifle**ના કારખાનાનું ઉદ્‌ઘાટન કર્યું છે.

- **ઉત્તરપ્રદેશ**ના **અમેઠી**ની **કોરવા ઓર્ડેનન્સ ફેક્ટરી**માં આ રાઈફલનું નિર્માણ કરવામાં આવશે.




### The Indo-Russia Rifles Pvt Ltd

ભારતમાં **રશિયા**ની મદદથી આ AK-203 રાઈફલ બનાવવામાં આવશે.

- આ માટે **ભારત અને રશિયા** દ્વારા એક **Joint Venture (સંયુક્ત સાહસ)**ની રચના કરવામાં આવી છે.
- આ જોઈન્ટ વેન્ચરને **'The Indo-Russia Rifles Pvt Ltd'** નામ આપવામાં આવ્યું છે.

### AK-203 Assault Rifleની વિશેષતા

AK-203 Assault Rifle એ **રશિયા**ની **Kalashnikov Assault Rifle** સિરીઝની **સૌથી લેટેસ્ટ** રાઈફલ છે.

- આ સિરીઝના અગાઉના મોડલમાં AK-47, AK-74, AK-56, AK-100ની સિરીઝ, AK-201 અને AK-202નો સમાવેશ થાય છે.
- આમ, AK સિરીઝની આ સૌથી અપડેટેડ રાઈફલ છે અને તે એની એક્યુરસી માટે જાણીતી છે.
- આ રાઈફલને ઓટોમેટિક અને સેમી ઓટોમેટિક એમ બંને રીતે ઉપયોગમાં લઈ શકાય છે.
- આ રાઈફલની લંબાઈ અંદાજે **3.25 ફૂટ** હશે.
- બુલેટ સાથે તેનું વજન **4 કિલો** હશે આથી તેના ઉપયોગમાં સરળતા રહેશે.
- આ રાઈફલ નાઈટ ઓપરેશનમાં પણ ઉપયોગી છે.
- કાશ્મીરમાં આતંકીઓ સામેની કાર્યવાહીમાં પણ આ રાઈફલ ઉપયોગી થશે.

**નોંધ :** આ નવી શરૂ થયેલી ફેક્ટરીમાંથી સૌથી પહેલા **72,400 રાઈફલ** ભારતીય સેનાને આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી અભિનંદન વર્ધમાનને પ્રથમ ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર એનાયત થશે

અખિલ ભારતીય દિગંબર જૈન સમિતિ દ્વારા **પ્રથમ ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર** માટે ઈન્ડિયન એરફોર્સના જાંબાજ વિંગ કમાન્ડર **શ્રી અભિનંદન વર્ધમાન**ની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત શ્રી અભિનંદન વર્ધમાનને ને 17 એપ્રિલ, 2019ના રોજ આ પુરસ્કાર એનાયત થશે.

### ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર

**અખિલ ભારતીય દિગંબર જૈન મહાસમિતિ** દ્વારા વર્ષ **2019**થી આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ પુરસ્કાર અંતર્ગત **2.51 લાખ રૂપિયા રોકડા** અને **એક પ્રશસ્તિ પત્ર** આપવામાં આવશે.
- **શ્રી અભિનંદન વર્ધમાન** આ પુરસ્કાર મેળવનાર **પ્રથમ વ્યક્તિ** હશે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## શ્રી અભિનંદન વર્ધમાન

27 ફેબ્રુઆરી, 2019ના રોજ પાકિસ્તાનના કેટલાક વિમાનોએ ભારતની સરહદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે <u>શ્રી અભિનંદન વર્ધમાને</u> પોતાના <u>મિગ - 21 વિમાન</u> દ્વારા <u>પાકિસ્તાન</u>નું એક <u>F-16 વિમાન</u> તોડી પાડ્યું હતું.

- શ્રી અભિનંદન વર્ધમાન ઈન્ડિયન એર ફોર્સમાં <u>વિંગ-કમાન્ડર</u> છે.
- તેમનો જન્મ <u>તમિલનાડુ</u>માં થયો હતો.
- <u>નેશનલ ડિફેન્સ એકેડમી</u>માંથી તેઓ ગ્રેજ્યુએટ થયા છે.
- તેઓ ઈન્ડિયન એરફોર્સમાં 2004માં <u>ફાઈટર પાયલટ</u> તરીકે જોડાયા હતા.
- <u>MiG-21</u> અગાઉ તેઓ <u>Su-30 MKI</u>ના પાયલટ હતા.
- તેમનો સર્વિસ નંબર <u>27981</u> છે.
- તેમના માતા <u>ડોક્ટર</u> છે અને તેમના પિતા <u>શ્રી સિમ્હાકુટ્ટી વર્ધમાન</u> ઈન્ડિયન એર ફોર્સમાં <u>એર માર્શલ</u> હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય સુરક્ષા દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(D)**

2. 3 માર્ચ, 2019ના રોજ ભારતની પ્રથમ રાષ્ટ્રીય માનસિક પુનર્વસન સંસ્થા (National Institute of Mental Health Rehabilitation - NIMHR)નો ભારતમાં કઈ જગ્યાએ શિલાન્યાસ કરવામાં આવ્યો છે ?
(A) શેરપુર – ભોપાલ, મધ્યપ્રદેશ (B) શેરપુર – શિહોર, મધ્યપ્રદેશ
(C) શેરપુર – ગ્વાલિયર, મધ્યપ્રદેશ (D) શેરપુર – ઉજ્જૈન, મધ્યપ્રદેશ **(B)**

3. ભારતમાં દર વર્ષે કઈ રાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે ?
(A) મહાવદ – 13 (તેરસ) (B) મહાસુદ – 13 (તેરસ)
(C) મહાવદ – 14 (ચૌદસ) (D) મહાસુદ – 14 (ચૌદસ) **(A)**

4. ગુજરાતમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી ભવનાથ મંદિરના કયા પૌરાણિક કુંડમાં સ્નાન કરે છે ?
(A) ભૃગીકુંડ (B) મુનીકુંડ (C) મૃગીકુંડ (D) યોગીકુંડ **(C)**

5. તાજેતરમાં ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે યોજાયેલા કુંભ મેળામાં કુલ કેટલા ગિનીજ રેકોર્ડ નોંધાયા છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) એકપણ નહિ **(B)**

6. પ્રયાગરાજ કુંભ 2019માં નોંધાયેલા 3 ગિનીજ રેકોર્ડમાં નીચેનામાંથી કયા રેકોર્ડનો સમાવેશ થતો નથી ?
(A) જાહેર સ્થળોએ સૌથી મોટું પેઈન્ટિંગ
(B) સૌથી મોટી ટ્રાફીક અને ભીડ મેનેજમેન્ટ યોજના
(C) સૌથી વધુ લોકો માટે સ્નાનની વ્યવસ્થા
(D) સ્વચ્છતા અને કચરાના નિકાલ માટેનું સૌથી મોટું તંત્ર **(C)**

7. 28 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રયાગરાજ કુંભ મેળામાં એક સાથે કેટલી બસો હાઈવે પર સેવામાં મૂકીને ગિનીજ રેકોર્ડ નોંધાવવામાં આવ્યો છે ?
(A) 403 (B) 503 (C) 603 (D) 703 **(B)**

8. 1 માર્ચ, 2019ના રોજ પ્રયાગરાજ કુંભ મેળામાં એક સાથે કેટલા સફાઈ કર્મચારીઓએ કામગીરી કરીને ગિનીજ રેકોર્ડ નોંધાવ્યો છે ?
(A) 8,000 (B) 10,000 (C) 12,000 (D) 14,000 **(B)**

9. 3 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ Assault Rifleના કારખાનાનું ઉદ્‌ઘાટન કર્યું છે ?
(A) રાયબરેલી, ઉત્તરપ્રદેશ (B) અમેઠી, ઉત્તરપ્રદેશ
(C) વારાણસી, ઉત્તરપ્રદેશ (D) ગોરખપુર, ઉત્તરપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ઉત્તરપ્રદેશના રાયબરેલીના Assault Rifleના કારખાનામાં કઈ રાઈફલનું પ્રોડક્શન કરવામાં આવશે ?
(A) AK-101 (B) AK-103 (C) AK-201 (D) AK-203 **(D)**

11. ભારતમાં કયા દેશની સહાયથી AK-203 Assault Rifleનું પ્રોડક્શન કરવામાં આવશે ?
(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) રશિયા (D) ઈઝરાયેલ **(C)**

12. AK-203 એ રશિયાની કઈ રાઈફલની સીરિઝની સૌથી લેટેસ્ટ રાઈફલ છે ?
(A) Nikonov Assault Rifle (B) Mosin Assault Rifle
(C) Magnum Assault Rifle (D) Kalashnikov Assault Rifle **(D)**

13. ઉત્તરપ્રદેશના અમેઠીની કઈ ફેક્ટરીમાં AK-203 રાઈફલનું પ્રોડક્શન કરવામાં આવશે ?
(A) અમેઠી ઓર્ડેનન્સ ફેક્ટરી (B) કોરવા ઓર્ડેનન્સ ફેક્ટરી
(C) આયમા ઓર્ડેનન્સ ફેક્ટરી (D) રાયના ઓર્ડેનન્સ ફેક્ટરી **(B)**

14. ભારતમાં ઉત્તરપ્રદેશના અમેઠીમાં AK-203 રાઈફલના પ્રોડક્શન માટે ભારત–રશિયા વચ્ચે કયા જોઈન્ટ વેન્ચરની રચના કરવામાં આવી છે ?
(A) Indo-Russia Rifles Pvt Ltd (B) Indo-Russia AK-203 Pvt Ltd
(C) Indo-Russia Assault Pvt Ltd (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

15. અખિલ ભારતીય દિગંબર જૈન મહાસમિતિ દ્વારા પ્રથમ ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર માટે કોની પસંદગી કરવામાં આવી છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રીમતી નિર્મલા સીતારામન
(C) શ્રી રાજનાથસિંહ (D) શ્રી અભિનંદન વર્ધમાન **(D)**

## 5 MARCH, 2019 TUESDAY

## ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કરેલ વિકાસ કાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ

4 અને 5 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ગુજરાત**ની મુલાકાત લીધી હતી.

- તેમની આ મુલાકાત દરમિયાન તેમણે **અમદાવાદ** અને **જામનગર** ખાતે અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ શિલાન્યાસ કર્યો હતો.

### અમદાવાદ ખાતે લોકાર્પણ/શિલાન્યાસ

| ક્રમ | વિકાસકાર્યનું લોકાર્પણ/શિલાન્યાસ |
|---|---|
| 1 | અમદાવાદના વસ્ત્રાલ ખાતેથી પ્રધાનમંત્રી શ્રમ યોગી માન–ધન(PM-SYM) યોજનાનો શુભારંભ |
| 2 | અમદાવાદ મેટ્રો સેવાના પ્રથમ ચરણનું વસ્ત્રાલ ખાતેથી ઉદ્દઘાટન |
| 3 | અમદાવાદ મેટ્રો સેવાના બીજા ચરણનો શિલાન્યાસ |
| 4 | સિવિલ હોસ્પિટલમાં 1200 બેડની સુવિધા ધરાવતી 'મેડીસીટી'નું ઉદ્દઘાટન |
| 5 | વન નેશન વન કાર્ડનું અનાવરણ |
| 6 | રૂ. 1000 કરોડના ખર્ચે બનનાર વિશ્વના સૌથી મોટા મા ઊમિયાજીના મંદિરનું જાસપુર ખાતે ભૂમિપૂજન |
| 7 | લોથલ ખાતે નિર્માણ પામનાર નેશનલ મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમનો શિલાન્યાસ |
| 8 | દાહોદ રેલવે વર્કશોપનો શુભારંભ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







## પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન (PM-SYM) યોજના

5 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ગુજરાતમાં **અમદાવાદ**ના **વસ્ત્રાલ** ખાતેથી **પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધન (PM-SYM)** યોજનાનો દેશવ્યાપી શુભારંભ કરાવ્યો છે.

- આ પ્રસંગે તેમણે લાભાર્થીઓને **PM-SYM પેન્શન કાર્ડ**નું વિતરણ પણ કર્યું હતું.

### PM-SYM યોજના શું છે ?

ભારતમાં **અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરો** માટેની આ એક **બૃહદ પેન્શન યોજના** છે.

- વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના બજેટમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.




## આ યોજનાનો ઉદ્દેશ શું છે ?

પ્રધાનમંત્રી શ્રમ યોગી માન–ધન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરોને <u>વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા</u> ઉપલબ્ધ કરાવવાનો છે.

- આ યોજના અંતર્ગત ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ઓછામાં ઓછા આશરે 10 કરોડ જેટલા શ્રમિકો અને કારીગરોને આ યોજનાનો લાભ અપાવવાની સરકારની યોજના છે.
- આથી, આ યોજના વિશ્વની સૌથી મોટી પેન્શન યોજનાઓમાંની એક બની જશે.

## આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજનાથી લાભાર્થીને <u>60 વર્ષ</u>ની ઉંમરથી <u>દર મહિને ઓછામાં ઓછું રૂ. 3000</u> પેન્શન આપવામાં આવશે.

- આ માટે લાભાર્થીએ તેમની કાર્યશીલ ઉંમર દરમિયાન <u>દર મહિને 55 થી 200 રૂપિયા</u> સુધીની રકમ જમા કરાવવી પડશે.
- જો કોઈ વ્યક્તિ <u>18 વર્ષ</u>ની ઉંમરથી જ આ યોજનામાં જોડાય તો તેને દર મહિને ફક્ત <u>55 રૂપિયા</u> જ આપવાના રહેશે.
- અને જો કોઈ વ્યક્તિ <u>29 વર્ષ</u>ની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેને દર મહિને <u>રૂ.100</u> અને <u>40 વર્ષની</u> ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેને દર મહિને <u>રૂ. 200</u> ચૂકવવાના રહેશે.

## આ યોજનામાં લાભાર્થીએ ચૂકવવાની રકમ

| Entry Age | દર મહિને ચૂકવવાની રકમ (રૂપિયામાં) |
|---|---|
| 18 | 55 |
| 20 | 61 |
| 25 | 80 |
| 29 | 100 |
| 30 | 105 |
| 35 | 150 |
| 40 | 200 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) **18 થી 40 વર્ષ** સુધીની કોઈપણ ઉંમરનો લાભાર્થી આ યોજનામાં જોડાઈ શકે છે.

(2) લાભાર્થી દર મહિને જેટલી રકમ ચૂકવશે તેની સામે સરકાર પણ તેના પેન્શન ખાતામાં તેટલી રકમ જમા કરાવશે. એટલે કે લાભાર્થીના ફાળા જેટલો જ ફાળો ભારત સરકાર લાભાર્થીના પેન્શન ખાતામાં જમા કરાવશે.

## આ યોજનાનો લાભ કોને મળશે ?

ભારતમાં **અસંગઠિત ક્ષેત્રના શ્રમ યોગીઓ** જેવા કે – રીક્ષાચાલકો, બાંધકામ શ્રમયોગીઓ, ફેરિયાઓ, આંગણવાડી – મધ્યાહન ભોજન – આશા શ્રમયોગીઓ, મનરેગાના લાભાર્થીઓ, શાકવાળાઓ, હાથલારી શ્રમયોગી, હસ્તકલાના કારીગરો, કચરો વીણનાર, મોચી, દરજી, ખેત શ્રમયોગીઓ, સીમાંત ખેડૂતો – વગેરેને આ યોજનાનો લાભ મળશે.

## આ યોજનાનો લાભ લેવા માટેની શરતો

પ્રધાનમંત્રી શ્રમયોગી માન–ધન યોજનાનો લાભ લેવા માટેની શરતો આ પ્રમાણે છે :

(1) ફક્ત **અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને** જ આ યોજનાનો લાભ મળશે.

(2) લાભાર્થીની ઉંમર **40 વર્ષ**થી વધારે ન હોવી જોઈએ. **18થી 40 વર્ષ** સુધીની ઉંમર ધરાવતા લાભાર્થીને જ આ યોજનાનો લાભ મળશે.

(3) લાભાર્થીની માસિક આવક રૂ. **15,000થી** વધુ ન હોવી જોઈએ.

(4) લાભાર્થીને New Pension Scheme (NPS), Employees' state Insurance corporation (ESIC) Scheme, Employees' Provident Fund Oraganisation (EPFO) જેવી અન્ય પેન્શન યોજનાનો લાભ મળતો ન હોવો જોઈએ.

(5) લાભાર્થી Income tax payer ન હોવો જોઈએ.

(6) લાભાર્થી પાસે સેવિંગ અથવા તો જનધન અકાઉન્ટ અને આધાર કાર્ડ હોવું જરૂરી છે.

## પરિવાર પેન્શન

જો પેન્શન પ્રાપ્તિ દરમિયાન લાભાર્થીનું મૃત્યુ થાય તો પરિવાર પેન્શન રૂપે લાભાર્થીને મળતા પેન્શનની **50% રકમ** તેના **જીવનસાથી**ને મળશે.

- આ લાભ ફક્ત **પતિ કે પત્ની**ને જ મળશે.
- જો લાભાર્થીએ નિયમિત રીતે પોતાના હિસ્સાની રકમ ચૂકવી હોય અને 60 વર્ષ પહેલા જ તેનું મૃત્યુ થાય તો લાભાર્થીના જીવનસાથી આ યોજનામાં જોડાઈને આ યોજના આગળ ચાલુ રાખી શકે છે. અથવા તો નિયમો અનુસાર આ યોજનામાંથી બહાર નીકળી શકે છે.

## આ યોજનામાંથી બહાર નીકળવા માટેના નિયમો

મૃત્યુ, અકસ્માત કે કોઈ અન્ય કારણોસર કોઈ લાભાર્થી આ યોજનામાંથી બહાર નીકળી જાય તો...

(1) જો લાભાર્થી 10 વર્ષ પહેલા આ યોજનામાંથી બહાર નીકળી જાય તો તેને તેણે ચૂકવેલી રકમ બચત બેંકના વ્યાજ દર પ્રમાણે વ્યાજ સાથે પાછી આપવામાં આવશે.

(2) જો લાભાર્થી 10 વર્ષ બાદ અને 60 વર્ષ પૂરા થાય એ પહેલા આ યોજનામાંથી બહાર નીકળે તો તેને તેણે ચૂકવેલી રકમ કોષ દ્વારા પ્રાપ્ત થયેલ સંચિત વ્યાજ અથવા તો બચત બેંક વ્યાજ તે બેમાંથી જે વધુ હોય તે સાથે પાછી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**નોંધ :** (1) જો કોઈ લાભાર્થી નિયમિત રીતે રકમ ચૂકવી શક્યો ન હોય તો નિયત દંડ સાથે બાકીની રકમ ચૂકવીને આ યોજના ફરીથી ચાલુ રાખી શકશે.

(2) આ યોજના માટે ફંડ મેનેજર : L.I.C ઓફ ઈન્ડિયા છે.

(3) આ યોજનાનો લાભ લેવા માટે કોમન સર્વિસ સેન્ટર (CSC) (જન સેવા કેન્દ્ર) પર જ નોંધણી કરવામાં આવશે. નોંધણી માટે આધાર કાર્ડ, સેવિંગ–જનધન બેંક ખાતુ અને તેની પાસબુક તથા મોબાઈલ જરૂરી છે.

(4) આ યોજનામાં લાભાર્થીએ પ્રથમ વખત નાણાં કેશથી ચૂકવવાના રહેશે ત્યારબાદ દર મહિને ફરજિયાત ઓટોડેબિટ દ્વારા બેંક ખાતામાંથી પૈસા ચૂકવવાના રહેશે.

(5) ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 15 ફેબ્રુઆરી, 2019ના રોજ આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. જેનો તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના વસ્ત્રાલ ખાતેથી વિધિવત શુભારંભ કર્યો છે.



## અમદાવાદ મેટ્રો સેવાના પ્રથમ ચરણનું ઉદ્‌ઘાટન

4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અમદાવાદ**ના **વસ્ત્રાલ** ખાતેથી **અમદાવાદ મેટ્રો સેવાના ફેઝ-1નું** લોકાર્પણ કર્યું છે.

- આ પ્રસંગે તેમણે **વસ્ત્રાલ ગામથી નિરાંત ચોકડી** સુધી ટ્રેનની મુસાફરી પણ કરી હતી.
- અમદાવાદ મેટ્રો રેલના ફેઝ-1માં કુલ **40.3** કિલોમીટરના રૂટનો સમાવેશ થાય છે. તેમાંથી અત્યારે **વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક** સુધીના **6.5 કિમીના રૂટનું** લોકાર્પણ કરવામાં આવ્યું છે.
- ફેઝ-1ના લોકાર્પણ બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના **મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર** સુધીના **ફેઝ-2નું** ભૂમિપૂજન પણ કર્યું હતું.




### અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ

| મેટ્રો રેલ પ્રોજેક્ટ | રૂટ (ક્યાંથી ક્યાં સુધી) | રૂટનું અંતર (કિ.મી.) | કુલ સ્ટેશન | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|
| ફેઝ–1 | વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ<br>A.P.M.C. થી મોટેરા | 40.03 | 32 | રૂ. 10,773 કરોડ |
| ફેઝ–2 | મોટેરા(અમદાવાદ)થી મહાત્મા મંદિર(ગાંધીનગર)<br>G.N.L.U. થી ગિફ્ટ સિટી | 28.26 | 20 | રૂ. 5,384 કરોડ |

### મેટ્રો ચલાવનાર અમદાવાદ ભારતનું 12મું શહેર

ભારતમાં સૌપ્રથમ **24 ઓક્ટોબર, 1984**ના રોજ **કોલકાતા**માં મેટ્રો ટ્રેનનો પ્રારંભ થયો હતો.

- ત્યારબાદ **નવી દિલ્હી**માં **24 ડિસેમ્બર, 2002**ના રોજ મેટ્રો સેવાનો પ્રારંભ થયો હતો.
- ભારતમાં **કોલકાતા** અને **નવી દિલ્હી** બાદ ક્રમશઃ **બેંગાલુરુ** (2011), **ગુરુગ્રામ** (2013), **મુંબઈ** (2014), **જયપુર** (2015), **ચેન્નાઈ** (2015), **કોચી** (2017), **લખનૌ** (2017), **હૈદરાબાદ** (2017), **નોઈડા** (25 જાન્યુઆરી, 2019), **અમદાવાદ** (4 માર્ચ, 2019) અને **નાગપુર**માં (7 માર્ચ, 2019)ના રોજ મેટ્રો સેવાનો પ્રારંભ થયો છે.
- મેટ્રો સેવા શરૂ કરનાર **અમદાવાદ** ભારતનું **12મું શહેર** બન્યું છે.
- **અમદાવાદ** બાદ તાજેતરમાં **મહારાષ્ટ્ર**ના **નાગપુર**માં પણ મેટ્રો સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 'Metro'ને 'Rapid Transit' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) અમદાવાદ મેટ્રો સેવા એ ભારતની 12મી કાર્યરત મેટ્રો સેવા છે.

## ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ

ગુજરાતમાં **અમદાવાદ અને ગાંધીનગર** ખાતે મેટ્રો સેવા શરૂ કરવા માટે **ભારત સરકાર અને ગુજરાત સરકાર** દ્વારા એક Joint Venture (સંયુક્ત સાહસ)ની રચના કરવામાં આવી છે.

- આ જોઈન્ટ વેન્ચરને **'ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમિટેડ'** નામ આપવામાં આવ્યું છે.
- **અમદાવાદ મેટ્રો**નું ઓફિશિયલ નામ **'ગુજરાત મેટ્રો'** છે.

**નોંધ :** (1) AMTS, BRTS અને METRO એમ ત્રણેય પબ્લિક ટ્રાન્સપોર્ટ ધરાવતું અમદાવાદ ભારતનું એકમાત્ર શહેર બની ગયું છે.

(2) તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મેટ્રોના ફેઝ-1ના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરના જે રૂટનું લોકાર્પણ કર્યું છે તેનો શિલાન્યાસ 14 માર્ચ, 2015ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યો હતો.

## One Nation One Card

4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ** ખાતેથી **National Common Mobility Card**નું અનાવરણ કર્યું છે.

- આ કાર્ડને **One Nation One Card** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## આ કાર્ડની વિશેષતા

- ભારતમાં હાલમાં વપરાશમાં રહેલા દરેક બેંકના ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ જેવું જ આ એક **'Rupay Card'** છે.
- આ કાર્ડમાં **એક નવું ફિચર** ઉમેરવામાં આવ્યું છે. જેનાથી આ કાર્ડનો ઉપયોગ ટિકિટ કાઉન્ટરના POS(POINT OF SALE) મશીન તેમજ મેટ્રો રેલ સ્માર્ટ કાર્ડ તરીકે પણ કરી શકાશે.
- આથી, આ નવા કાર્ડથી પૈસા પણ ઉપાડી શકાશે, શોપિંગ પણ કરી શકાશે, બસનું ભાડું પણ ચૂકવી શકાશે. એ સિવાય મેટ્રો સહિત તમામ ટ્રાન્સપોર્ટમાં મુસાફરી માટે પણ આ કાર્ડ ઉપયોગી થશે અને આ કાર્ડથી ટોલ ટેક્સ પણ ચૂકવી શકાશે.
- ઉપરોક્ત તમામ સેવાઓ ઉપરાંત આ અંગેની અન્ય સેવાઓમાં સમગ્ર ભારતમાં આ કાર્ડનો ઉપયોગ થઈ શકશે.
- બેંક દ્વારા હવે પછી ઈશ્યૂ થનારા ડેબિટ–ક્રેડિટ કાર્ડમાં આ ફિચર હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## જામનગર ખાતે લોકાર્પણ શિલાન્યાસ

| ક્રમ | વિકાસ કાર્યોનું લોકાર્પણ/શિલાન્યાસ |
|---|---|
| 1 | બાંદ્રા–જામનગર હમસફર એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ |
| 2 | ગુરુ ગોવિંદ સિંહ હોસ્પિટલના 700 બેડના નવા ભવનનું લોકાર્પણ |
| 3 | સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવવાના જોડિયા ખાતે આવેલા પ્રોજેક્ટનો પ્રારંભ |
| 4 | સૌની યોજના અંતર્ગત જામનગરના રણજીત સાગર ડેમ અને રાજકોટના ન્યારી–1 ડેમમાં નર્મદાના નીરનાં વધામણાં |
| 5 | આજી–3થી ખીજડીયા સુધીની 51 કિમીની પાઈપલાઈનનું લોકાર્પણ |
| 6 | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 1156 આવાસોનું લોકાર્પણ |
| 7 | 240 રૂમની પી.જી. હોસ્ટેલનું લોકાર્પણ |
| 8 | 1000 વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી કુમાર અને કન્યા સમરસ હોસ્ટેલનું લોકાર્પણ |



## ગુજરાતનો પ્રથમ ડિસેલીનેશન પ્લાન્ટ

4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **જામનગર** ખાતેથી ગુજરાતમાં **જામનગર** જિલ્લાના **જોડિયા** ખાતે સ્થપાયેલા **ડિસેલીનેશન પ્લાન્ટ**નો શુભારંભ કર્યો છે.

- આ પ્લાન્ટમાં દરિયાના ખારા પાણીમાંથી દરરોજ **10 કરોડ લિટર** શુદ્ધ પાણી મેળવવામાં આવશે.
- આશરે **રૂ. 800 કરોડ**ના ખર્ચે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- **જોડિયા** ખાતે સ્થપાયેલો આ **ગુજરાતનો પ્રથમ ડિસેલીનેશન પ્લાન્ટ** છે.

## ICE Questions

1. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોથલ ખાતે નિર્માણ પામનાર મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમનો કયાંથી શિલાન્યાસ કર્યો છે ?
(A) લોથલ (B) જામનગર (C) અમદાવાદ (D) નવી દિલ્હી **(C)**

2. 5 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન (PM-SYM) યોજનાનો કયાંથી શુભારંભ કર્યો છે ?
(A) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (B) અસારવા, અમદાવાદ
(C) વસ્ત્રાપુર, અમદાવાદ (D) વસ્ત્રાલ, અમદાવાદ **(D)**

3. PM-SYM યોજનાનું પૂરું નામ શું છે ?
(A) પ્રધાનમંત્રી શ્રમયોગી માન સમ્માન યોજના (B) પ્રધાનમંત્રી શ્રમિક માન સમ્માન યોજના
(C) પ્રધાનમંત્રી શ્રમિક માન ધન યોજના (D) પ્રધાનમંત્રી શ્રમયોગી માન ધન યોજના **(D)**

4. પ્રધાનમંત્રી શ્રમયોગી માન ધન યોજનાનો લાભ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને મળશે ?
(A) સંગઠિત ક્ષેત્ર (B) અસંગઠિત ક્ષેત્ર (C) ગ્રામીણ ક્ષેત્ર (D) શહેરી ક્ષેત્ર **(B)**

5. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાના લાભાર્થીને 60 વર્ષથી દર મહિને ઓછામાં ઓછું કેટલું પેન્શન આપવામાં આવશે ?
(A) 2000 (B) 3000 (C) 4000 (D) 5000 **(B)**

6. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત લાભાર્થીની ઉંમર અને તેણે દર મહિને ચૂકવવાની રકમના સંદર્ભમાં નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

| | ઉંમર | ચૂકવવાની રકમ |
|---|---|---|
| (A) | 18 વર્ષ | 55 રૂ. |
| (B) | 29 વર્ષ | 100 રૂ. |
| (C) | 35 વર્ષ | 155 રૂ. |
| (D) | 40 વર્ષ | 200 રૂ. |

**(C)**

7. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત લાભાર્થીની માસિક આવક કેટલા રૂપિયાથી વધારે ન હોવી જોઈએ ?
(A) 15,000 (B) 16,000 (C) 18,000 (D) 20,000 **(A)**

8. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાના ફંડ મેનેજર તરીકે કોણ કાર્ય કરશે ?
(A) નીતિ આયોગ (B) ભારત સરકારનું નાણા મંત્રાલય
(C) RBI (D) LIC of India **(D)**

9. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની નોંધણી કઈ જગ્યાએ થશે ?
(A) પોસ્ટ ઓફિસમાં (B) LIC ઓફિસમાં (C) નજીકની બેંકમાં (D) જન સેવા કેન્દ્ર પર **(D)**

10. ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાનું સંચાલન કરવામાં આવે છે ?
(A) માનવ સંસાધન (B) નાણા
(C) શ્રમ અને રોજગાર (D) સામાજિક ન્યાય અને અધિકાર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

11. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મેટ્રોના કયા સ્ટેશનેથી લીલી ઝંડી બતાવીને મેટ્રો ટ્રેનનો શુભારંભ કર્યો છે ?
(A) નિરાંત ચોકડી (B) મહાદેવનગર (C) વસ્ત્રાપુર (D) વસ્ત્રાલ **(D)**

12. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મેટ્રોના પ્રથમ ફેઝના કુલ 40.3 કિમીના રૂટમાંથી કેટલા કિમીના રૂટનું લોકાર્પણ કર્યું છે ?
(A) 6.5 (B) 12.5 (C) 15.5 (D) 20.3 **(A)**

13. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મેટ્રોના કયાંથી કયાં સુધીના 6.5 કિમીના રૂટનું લોકાર્પણ કર્યું છે ?
(A) વસ્ત્રાલ ગામથી કાંકરિયા (B) વસ્ત્રાલ ગામથી અમરાઈવાડી
(C) વસ્ત્રાલ ગામથી રબારી કોલોની (D) વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક **(D)**

14. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મેટ્રો ટ્રેનના કયા રૂટના ફેઝ-2નો શિલાન્યાસ કર્યો છે ?
(A) વસ્ત્રાલ ગામથી થલતેજ
(B) થલતેજથી ગોતા
(C) અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના અક્ષરધામ મંદિર
(D) અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર **(D)**

15. અમદાવાદ મેટ્રોના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેના પ્રથમ ફેઝનું કુલ અંતર 40.03 કિમી છે.
2. તેના બીજા ફેઝનું કુલ અંતર 26.26 કિમી છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(B)**

16. મેટ્રો સેવા શરૂ કરનાર અમદાવાદ ભારતનું કેટલામું શહેર બની ગયું છે ? અથવા તો અમદાવાદ મેટ્રો સેવા એ ભારતની કેટલામી કાર્યરત મેટ્રો સેવા છે ?
(A) 10 (B) 12 (C) 13 (D) 14 **(B)**

17. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વન નેશન વન કાર્ડ' તરીકે ઓળખાતા કયા કાર્ડનું અમદાવાદ ખાતેથી લોકાર્પણ કર્યું છે ?
(A) નેશનલ કોમન ATM કાર્ડ (B) નેશનલ કોમન મોબાઈલ કાર્ડ
(C) નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (D) નેશનલ કોમન માસ્ટર કાર્ડ **(C)**

18. 4 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પ્રથમ ડિસેલીનેશન પ્લાન્ટનું કયાંથી લોકાર્પણ કર્યું છે ?
(A) જોડિયા (B) ભાવનગર (C) રાજકોટ (D) જામનગર **(D)**

19. રૂ. 800 કરોડના ખર્ચે જોડિયા ખાતે સ્થપાયેલા ગુજરાતના પ્રથમ ડિસેલીનેશન પ્લાન્ટની દરિયાના ખારા પાણીમાંથી દરરોજ કેટલા લિટર શુદ્ધ પાણી મેળવવાની ક્ષમતા છે ?
(A) 1 કરોડ લિટર (B) 5 કરોડ લિટર (C) 8 કરોડ લિટર (D) 10 કરોડ લિટર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 6 MARCH, 2019 WEDNESDAY

## ➢ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એક સાથે 45,000 લાભાર્થીઓનો E-ગૃહ પ્રવેશ

6 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **ગાંધીનગર**ના **મહાત્મા મંદિર** ખાતેથી **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)** અંતર્ગત એક સાથે **45,000** આવાસોના લાભાર્થીઓનો વીડિયો લીંકથી **ઈ-ગૃહ પ્રવેશ** કરાવ્યો છે.

- રૂ. 673 કરોડના ખર્ચે ગુજરાતના 19 જિલ્લાઓમાં આ 45,000 આવાસોનું નિર્માણ થયું છે.
- આ પ્રસંગે શ્રી વિજયભાઈ રૂપાણીએ **મુખ્યમંત્રી ગ્રામોદય યોજના** અન્વયે બે લાખ જેટલી લાભાર્થી મહિલાઓનું ઉદ્યોગ સાથે સીધું જોડાણ કરાવીને તેમને જોબવર્ક–નિમણૂક પત્રો પણ એનાયત કર્યા હતા.

### Pradhan Mantri Awas Yojna (PMAY)

ભારતમાં વર્ષ **2022** સુધીમાં દેશના જરૂરત મંદ તમામ વ્યક્તિઓને ઘરનું ઘર મળી રહે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ માટે **31 માર્ચ, 2022** સુધીમાં **2 કરોડ** મકાનો બનાવીને દેશના તમામ જરૂરત મંદ લોકોને સસ્તા દરે આ મકાનો આપવાનું સરકારનું લક્ષ્ય છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજનાના બે ભાગ છે :
  1. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) (PMAY-G અથવા PMAY-R)
  2. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) (PMAY-U)
- જેમાંથી ભારતમાં **Pradhan Mantri Awas Yojna (Urban)**નો પ્રારંભ **25 જૂન, 2015**ના રોજ થયો હતો.
- જ્યારે ભારતમાં **1985**માં શરૂ થયેલી **Indira Awas Yojna (IAY)**ને રિસ્ટ્રક્ચર કરીને **2015**માં તેને **Pradhan Mantri Awas Yojna (Gramin અથવા તો Rural)** નામ આપવામાં આવ્યું છે.

**નોંધ :** (1) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત **ગુજરાત**માં વર્ષ **2022** સુધીમાં **25 લાખ** ઘરોનું નિર્માણ કરવાનું સરકારનું લક્ષ્ય છે.

(2) ગુજરાતમાં **ગાંધીનગર** ખાતે આવેલું પ્રસિદ્ધ **મહાત્મા મંદિર** ગાંધીનગરના **સેક્ટર 13C** ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા રાજકોટના નવા એરપોર્ટનું નિર્માણ થશે

ગુજરાતમાં **રાજકોટ**ના **હીરાસર** ખાતે નવા એરપોર્ટનું નિર્માણ શ્રી અનિલ અંબાણી જૂથની **રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ** નામની કંપની દ્વારા કરવામાં આવશે.

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આ માટે **રૂ. 648 કરોડ**નો કોન્ટ્રાક્ટ આપ્યો છે.
- આ એરપોર્ટના નિર્માણનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે L & T સહિત 9 જેટલી કંપનીઓએ બોલી લગાવી હતી. જેમાં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ભાવ સૌથી ઓછો હોવાથી તેને આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

## ➤ વિશ્વમાં સૌથી સસ્તું મોબાઈલ નેટ ભારતમાં

બ્રિટનની www.cable.co.uk નામની વેબસાઈટે વિશ્વના 230 દેશના 6,313 ડેટા પ્લાનને આધારે તૈયાર કરેલા રિપોર્ટ અનુસાર **વિશ્વમાં સૌથી સસ્તું મોબાઈલ નેટ ભારતમાં છે.**

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં 1 GB નેટની સરેરાશ કિંમત રૂ. 18.5 છે. જે વિશ્વમાં સૌથી ઓછી છે.
- જ્યારે વિશ્વમાં સૌથી મોંઘુ મોબાઈલ નેટ ઝિમ્બાબ્વેમાં છે. ઝિમ્બાબ્વેમાં 1 GB નેટની કિંમત રૂ. 5312 છે.
- ભારતમાં 1 GB ડેટાની સરેરાશ કિંમત રૂ. 18.5 છે. જ્યારે વિશ્વની સરેરાશ કિંમત રૂ. 630 છે.

**સૌથી સસ્તું મોબાઈલ નેટ ધરાવતા પ્રથમ પાંચ દેશો**

| ક્રમ | દેશ | 1 GB ડેટાની કિંમત રૂપિયામાં |
|---|---|---|
| 1 | ભારત | 18.5 |
| 2 | કિર્ગિઝસ્તાન | 19.08 |
| 3 | કઝાકિસ્તાન | 34.63 |
| 4 | યુક્રેન | 36.04 |
| 5 | રવાન્ડા | 39.58 |

**વિશ્વમાં કેટલાક અન્ય દેશોમાં મોબાઈલ નેટના દર**

| દેશ | 1 GB ડેટાની કિંમત રૂપિયામાં |
|---|---|
| શ્રીલંકા | 55.12 |
| મ્યાનમાર | 61.48 |
| ફિનલેન્ડ | 81.84 |
| પાકિસ્તાન | 130.00 |
| બ્રિટન | 470.00 |
| જાપાન | 588.00 |
| ચીન | 688.00 |
| અમેરિકા | 875.00 |
| દક્ષિણ કોરિયા | 1,067.00 |
| ઝિમ્બાબ્વે | 5,312.00 |

## ➤ ભારતનો 500મો વન-ડે વિજય

5 માર્ચ, 2019ના રોજ ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી વન-ડે મેચ ભારતે 9 વિકેટે જીતી લીધી છે.

- આ ભારતનો 500મો વન-ડે વિજય હતો.
- અને આ સાથે જ ભારત 500 વન-ડે મેચ જીતનાર ઓસ્ટ્રેલિયા બાદ વિશ્વનો બીજો દેશ બની ગયો છે.
- ભારતમાં મહારાષ્ટ્રના નાગપુર ખાતે આવેલા વિદર્ભ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં આ મેચ યોજાઈ હતી.
- આ મેચમાં મેન ઓફ દ મેચ તથા ભારતીય ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલી હતા.
- ભારત તેની 964મી મેચમાં આ 500મી વન-ડે જીત્યું છે.

## ભારતના ઐતિહાસિક વન ડે વિજય અને ભારતીય ટીમના કેપ્ટન

| વન-ડે વિજય | કેપ્ટન |
|---|---|
| 100મો | શ્રી મોહમ્મદ અઝરુદ્દીન |
| 200મો | શ્રી સૌરવ ગાંગુલી |
| 300મો | શ્રી રાહુલ દ્રવિડ |
| 400મો | શ્રી મહેન્દ્રસિંહ ધોની |
| 500મો | શ્રી વિરાટ કોહલી |

**નોંધ :** (1) ભારતે તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય વન-ડે મેચ 13 જુલાઈ, 1974ના રોજ ઈંગ્લેન્ડ સામે ઈંગ્લેન્ડમાં રમી હતી.

(2) ભારતની પ્રથમ વન-ડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી અજીત વાડેકર હતા.

(3) ભારતે તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ 25-28 જૂન, 1932 દરમિયાન ઈંગ્લેન્ડ સામે ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલા લોર્ડ્સ મેદાનમાં રમી હતી.

(4) ભારતની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમના કેપ્ટન શ્રી સી.કે. નાયડુ હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 6 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એક સાથે કેટલા લાભાર્થીઓને ઈ-ગૃહ પ્રવેશ કરાવ્યો હતો ?
   (A) 15,000 (B) 25,000 (C) 35,000 (D) 45,000 **(D)**

2. 6 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત એક સાથે 45,000 લાભાર્થીઓને કયાંથી ઈ–ગૃહ પ્રવેશ કરાવ્યો હતો ?
   (A) વસ્ત્રાલ, અમદાવાદ (B) હેમુ ગઢવી હોલ, રાજકોટ
   (C) ટાઉન હોલ, અમદાવાદ (D) મહાત્મા મંદિર, ગાંધીનગર **(D)**

3. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ 2022 સુધીમાં કેટલા ઘરોનું નિર્માણ કરવાનું સરકારનું લક્ષ્ય છે ?
   (A) 15 લાખ (B) 20 લાખ (C) 25 લાખ (D) 50 લાખ **(C)**

4. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં રાજકોટ પાસેના હીરાસર ખાતે નવા એરપોર્ટના નિર્માણ માટે કોને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે ?
   (A) અદાણી એન્ટરપ્રાઈસિઝ (B) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
   (C) L & T (D) રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ **(D)**

5. બ્રિટનની એક વેબસાઈટ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર વિશ્વમાં સૌથી સસ્તું મોબાઈલ નેટ કયા દેશમાં છે ?
   (A) ભારત (B) અમેરિકા (C) કિર્ગિઝસ્તાન (D) કઝાકિસ્તાન **(A)**

ICE Questions

6. બ્રિટનની એક વેબસાઈટ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર વિશ્વમાં સૌથી મોંઘું મોબાઈલ નેટ કયા દેશમાં છે ?
(A) રવાન્ડા (B) ઝામ્બિયા (C) ઝિમ્બાબ્વે (D) કોંગો **(C)**

7. 5 માર્ચ, 2019ના રોજ ભારતે ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને પોતાની 500મી વન-ડે મેચ જીતી લીધી હતી...આ મેચ કયા સ્ટેડિયમ પર ? ક્યાં રમાઈ હતી ?
(A) શ્રી જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ, કોચી (B) શ્રી રાજીવ ગાંધી સ્ટેડિયમ, હૈદરાબાદ
(C) વિદર્ભ ક્રિકેટ એસોશિયેશન સ્ટેડિયમ, નાગપુર (D) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ **(C)**

8. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ભારતે તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય વન–ડે મેચ ઈંગ્લેન્ડ સામે 13 જુલાઈ, 1974ના રોજ રમી હતી.
2. ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય વન–ડે મેચના કેપ્ટન શ્રી સી.કે. નાયડુ હતા.
(A) 1 અને 2 (B) ફક્ત–1 (C) ફક્ત–2 (D) એકપણ નહિ **(B)**

## 7 MARCH, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 7 માર્ચ, જન ઔષધિ દિવસ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચ, 2019ના રોજ સમગ્ર દેશમાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- ભારતમાં 7 માર્ચ, 2019ના રોજ સૌપ્રથમ વખત 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

### ➤ ગુજરાતમાં ગાંધીનગર ખાતે 'ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી'ની સ્થાપના કરવામાં આવશે

ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડો. જે. એન. સિંઘે કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ 2019-20થી ગુજરાતના ગાંધીનગર ખાતે 'ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી'નો પ્રારંભ કરવામાં આવશે.

- મુખ્ય સચિવ શ્રી ડો. જે. એન. સિંઘે ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટીની વેબસાઈટ લોન્ચ કરીને આ જાહેરાત કરી હતી.
- ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટીના સ્વાયત્ત કેમ્પસનું નિર્માણ ન થાય ત્યાં સુધી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આ યુનિવર્સિટી કાર્યરત રહેશે.

#### ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીનો શિલાન્યાસ

ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડો. જે. એન. સિંઘે ગુજરાતમાં ગાંધીનગરના શાહપુર ખાતે ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો છે.

- ગુજરાતમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રે રિસર્ચ અને ઈનોવેશન માટે રૂ. 32 કરોડના ખર્ચે આ યુનિવર્સિટીનું નિર્માણ થશે.
- આ યુનિવર્સિટીનું પ્રથમ શૈક્ષણિક સત્ર જૂન-જુલાઈ, 2020થી શરૂ કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં "સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ" અમલી બનશે

ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં વૃદ્ધિ થાય તે માટે તથા ગુજરાતમાં નાના વીજ ઉત્પાદકોને વીજ ઉત્પાદનની પૂરતી તક મળે તે માટે ગુજરાત સરકારે **સમગ્ર દેશમાં સૌપ્રથમ** ગુજરાતમાં **"સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ"** અમલમાં મૂકી છે.

### આ નીતિની મુખ્ય વિશેષતા

(1) આગમી **5 વર્ષ** સુધી આ નીતિ અમલમાં રહેશે.

(2) આ નીતિ અંતર્ગત નાના વીજ ઉત્પાદકો **0.5 મેગાવોટ(500 કિલોવોટ)થી 4 મેગાવોટની** ક્ષમતા વાળા નાના સોલાર પ્રોજેક્ટ સ્થાપી શકશે.

(3) માત્ર **ખાનગી જમીન** પર જ આ પ્રોજેક્ટ સ્થપાશે. આ માટે સરકારી જમીન અપાશે નહિ.

(4) ખેડૂતો પોતાની બિન ઉપજાઉ જમીન પર અથવા તો નાના સાહસિકો જમીન લીઝ પર લઈને આ પ્રોજેક્ટ સ્થાપી શકશે.

(5) આ પ્રોજેક્ટ માટે **જેટકોના હયાત સબ-સ્ટેશનનો**ની નજીક હોય તેવી જમીનના કિસ્સાઓને પ્રાધાન્ય અપાશે.

(6) આ નીતિ હેઠળ કોઈપણ વ્યક્તિ, ખેડૂત, સહકારી મંડળી, કંપની કે તેઓ દ્વારા બનાવેલ સંસ્થા સોલાર પ્રોજેક્ટ સ્થાપીને ગુજરાતની વીજ કંપનીઓને ઉત્પાદિત ઊર્જાનું વેચાણ કરી શકશે.

(7) ખેડૂતો પોતાની જમીનમાં સ્થાપેલ સોલાર પાવર પ્લાન્ટમાંથી ઉત્પાદિત થયેલ વીજળી સીધી જ **11KVની વીજ લાઈન**માં દાખલ કરી શકશે.

(8) રાજ્યની વીજ કંપનીઓ આ ઉત્પાદિત ઊર્જા ખરીદવા માટે **25 વર્ષ**ના કરાર કરશે.

(9) આ ઉત્પાદિત ઊર્જા **ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.** દ્વારા સોલાર પાર્ક સિવાયના પ્રોજેક્ટ માટે કરવામાં આવેલ બિડિંગ પ્રક્રિયામાં નક્કી થયેલા ભાવથી **20 પૈસા વધુ ભાવે** ખરીદવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચ, 2019ના રોજ સૌપ્રથમ વખત કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) જન સંપર્ક દિવસ (B) જન ઔષધિ દિવસ
   (C) જન આરોગ્ય દિવસ (D) જન સુવિધા દિવસ **(B)**

2. ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડો. જે. એન. સિંઘે કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં કઈ જગ્યાએ 'ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી'ની સ્થાપના કરવામાં આવશે ?
   (A) અમદાવાદ (B) ગાંધીનગર (C) પોરબંદર (D) સુરત **(B)**

3. તાજેતરમાં ગુજરાતમાં ગાંધીનગરના શાહપુર ખાતે કોના દ્વારા ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ?
   (A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી ઓ. પી. કોહલી
   (C) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (D) શ્રી જે. એન. સિંઘ **(D)**

## ICE Questions

4. ‘સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ’ અમલમાં મૂકનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) હરિયાણા — **(A)**

5. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી ‘સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ’ ગુજરાતમાં આગામી કેટલા વર્ષ સુધી અમલમાં રહેશે ?

(A) 5 (B) 10 (C) 15 (D) 20 — **(A)**

6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી ‘સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ’ અનુસાર નાના વીજ ઉત્પાદકો કેટલા મેગાવોટની ક્ષમતા વાળા સોલાર પ્રોજેક્ટ સ્થાપી શકશે ?

(A) 1 થી 4 મેગાવોટ (B) 1 થી 5 મેગાવોટ (C) 0.5 થી 4 મેગાવોટ (D) 0.5 થી 5 મેગાવોટ — **(C)**

## 8 MARCH, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 8 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન 1910માં ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં 1917માં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા બની હતી.
- સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા 1975માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- એ અગાઉ વિવિધ સમાજવાદી આંદોલનો અને સામ્યવાદી દેશો દ્વારા 8 માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી થતી હતી.




ICE INSTITUTE FOR COMPETITIVE EXA

### વર્ષ 2019ની International Women's Dayની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલ વર્ષ 2019ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ '**Think equal, build Smart, innovate for change**' છે.

### રાષ્ટ્રીય મહિલા રોજગાર સંમેલન 2019

8 માર્ચ, 2019ને **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસી** ખાતે આવેલા **દીનદયાળ હસ્તકલા સંકુલ**માં યોજાયેલા '**રાષ્ટ્રીય મહિલા રોજગાર સંમેલન 2019**'માં ભાગ લીધો હતો.

## ➢ ભારતના ઈતિહાસમાં સૌપ્રથમ વખત રૂ.20નો સિક્કો ચલણમાં મૂકવામાં આવશે

7 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી પ્રજ્ઞાચક્ષુ લોકો માટે સુવિધારૂપ થાય તેવા **રૂપિયા 1, 2, 5, 10, અને રૂ. 20**ના નવા સિક્કાનું અનાવરણ કર્યુ છે.

- આ અંતર્ગત ભારતમાં સૌપ્રથમ **રૂ.20**નો સિક્કો ચલણમાં આવશે.
- આ તમામ સિક્કાઓમાં રૂ. 20ના સિક્કા સિવાય તમામ સિક્કા **વર્તુળાકાર** હશે.

### રૂ.20ના નવા સિક્કાની વિશેષતા

(1) આ સિક્કો **12 ખૂણાઓ વાળો** હશે.

(2) તેનો **બહારનો વ્યાસ 27 મી.મી.** અને **વજન 8.54 ગ્રામ** રહેશે.

(3) આ સિક્કાની આઉટર રિંગમાં 65 ટકા **તાંબુ**, 15 ટકા **ઝિંક** અને 20 ટકા **નિકલ** રહેશે.

(4) જ્યારે સિક્કાની ઈનર રિંગમાં 75 ટકા **તાંબુ**, 20 ટકા **ઝિંક** અને 5 ટકા **નિકલ** રહેશે.

(5) આ સિક્કાની **હેડસાઈડ પર અશોકસ્તંભ** અને તેની નીચે **સત્યમેવ જયતે** લખાયેલું છે. સિક્કાના પરીઘની ડાબી બાજુએ **હિન્દી**માં **ભારત** અને જમણી બાજુએ **અંગ્રેજી**માં **ઈન્ડિયા** લખાયેલું રહેશે.

(6) સિક્કાની **ટેઈલ સાઈડ પર 20નો આંક** કોતરાયેલો રહેશે. 20ના આંકની ઉપર **રૂપિયાનું પ્રતીક** રહેશે. સિક્કાની પરીઘની ડાબી બાજુએ દેશના મુખ્ય વ્યવસાય **કૃષિનું પ્રતીક** હશે. **સિક્કો જારી કરાયાનું વર્ષ** પરીઘની ડાબી બાજુએ મધ્યભાગમાં એમ્બોઝ કરેલું રહેશે.

## ➢ નાણાંકીય વર્ષ 2019-20ને નિર્માણ-ટેક્નોલોજી વર્ષ તરીકે ઉજવવામાં આવશે

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા '**કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી ઈન્ડિયા 2019**' સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ સંમેલનમાં તેમણે ભારતમાં **1 એપ્રિલ 2019 થી 31 માર્ચ 2020** સુધીના વર્ષને '**નિર્માણ ટેક્નોલોજી વર્ષ**' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- ભારતમાં ગૃહ નિર્માણની વધતી જતી માંગને પૂરી કરવા માટે એડવાન્સ નિર્માણ ટેક્નોલોજી પર ફોકસ કરી શકાય તે માટે આ વર્ષની ઉજવણી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Generalized System of Preferences(GSP)માંથી ભારતને બહાર કરવાની અમેરિકાની જાહેરાત

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** **Generalized System of Preferences (GSP)**માંથી **ભારત અને તૂર્કીને** બહાર કરવાનો નિર્ણય કર્યો છે.

### GSP શું છે ?

અમેરિકામાં **1 જાન્યુઆરી, 1976**ના રોજ **જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝ**નો પ્રારંભ થયો હતો.

- GSPએ એક ટ્રેડ પ્રોગ્રામ છે.
- વિશ્વના વિકાસશીલ દેશોના આર્થિક વિકાસમાં વૃદ્ધિ થાય તે હેતુથી **ટ્રેડ એક્ટ 1974** અંતર્ગત આ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી.
- આ પ્રોગ્રામ અંતર્ગત **129 દેશો**નો સમાવેશ થયો હતો.
- આ **129** દેશોની કુલ **4,800** જેટલી પ્રોડક્ટની અમેરિકામાં થતી નિકાસ પર અમેરિકા કોઈ જ ટેક્સ વસુલતુ ન હતું. આથી આ બધી પ્રોડક્ટની ઝીરો ટકા કસ્ટમ ડ્યુટીથી અમેરિકામાં નિકાસ થતી હતી.
- GSPની આ યાદીમાં **ભારત**નો પણ સમાવેશ થયો હતો.

### GSPમાંથી ભારતને બહાર કરવાનું કારણ

અમેરિકાની GSP સિસ્ટમનો હાલ સૌથી વધુ લાભ ભારતને જ મળી રહ્યો છે એવું કહેવાય છે.

- આ સિસ્ટમ અંતર્ગત ભારતની ઘણી બધી પ્રોડક્ટની જીરો કસ્ટમ ડ્યુટી અથવા તદ્દન નજીવી કસ્ટમ ડ્યુટીથી અમેરિકામાં નિકાસ થાય છે.
- બીજી બાજુ અમેરિકામાંથી ભારતમાં નિકાસ થતી વસ્તુઓ પર ભારત ખૂબ જ ઊંચો ટેક્સ વસૂલે છે એવો અમેરિકાનો આરોપ છે.
- ઉદાહરણ તરીકે, અમેરિકામાંથી ભારતમાં નિકાસ થતા **હાર્લી ડેવિડસન બાઈક** પર ભારતે **100 ટકા કસ્ટમ ડ્યુટી** નાખી હતી. જે પાછળથી ઘટાડવામાં આવી છે.
- આથી, ભારતમાં વધારે ટેક્સ વસૂલવામાં આવતો હોવાનો આરોપ મૂકીને અમેરિકાએ ભારતને GSPમાંથી બહાર કરવામાં આવશે એવી જાહેરાત કરી છે.

### GSPમાંથી બહાર થવાથી ભારત પર અસર

GSPમાંથી બહાર થઈ જવાથી તેની ભારત પર શું અસર થશે એ અંગે વિવિધ વિદ્વાનોમાં મત-ભેદ પ્રવર્તે છે.

- મોટાભાગના વિદ્વાનોના મતે અમેરિકાના આ નિર્ણયની ભારત પર બહુ ખાસ અસર નહિ થાય.
- જોકે કેટલાક વિદ્વાનો આ વિદ્વાનોના મતને હાસ્યાસ્પદ ગણાવે છે અને તેની ભારત પર ચોક્કસ પ્રતિકૂળ અસર થશે એમ જણાવે છે.
- આમ છતાં, 60 દિવસ બાદ જ્યારે અમેરિકા ભારતની કઈ વસ્તુ પર કેટલી કસ્ટમ ડ્યુટી લેવી તેની જાહેરાત કરશે ત્યારે જ અમેરિકાના આ નિર્ણયની સાચી અસર જાણી શકાશે.

**નોંધ :** વર્ષ **2017**માં GSP અંતર્ગત ભારતે **5.6 અબજ ડોલર** (એટલે કે **40,000 કરોડ રૂપિયા**)ની અમેરિકામાં કર-મુક્ત નિકાસ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

1. ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ **(C)**

2. વર્ષ 2019ની ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ની થીમ શું છે ?

(A) Equality for Women is progress for All

(B) Investing in Women and Girls

(C) Think Equal, Build smart, Innovate for change

(D) Woman in Decision - Making **(C)**

3. 8 માર્ચ, 2019ને ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ જગ્યાએ યોજાયેલા ‘રાષ્ટ્રીય મહિલા રોજગાર સંમેલન 2019’માં ભાગ લીધો હતો ?

(A) નવી દિલ્હી (B) પ્રયાગરાજ (C) નાગપુર (D) વારાણસી **(D)**

4. ભારતમાં ચલણમાં આવનાર રૂ.20ના સિક્કાની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/ કયા વિધાનો સાચાં છે ?

(1) તેમાં 12 ખૂણા હશે.

(2) તે તાંબુ, ઝિંક, નિકલ અને ચાંદીનો બનેલો હશે.

(3) તેમાં હિન્દીમાં ‘ભારત’ અને અંગ્રેજીમાં “India” લખેલું હશે.

(4) તેમાં કૃષિનું પ્રતીક હશે.

(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2,3 (D) 1, 2, 4 **(B)**

5. તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા ‘કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી ઈન્ડિયા 2019’ સંમેલનમાં નાણાકીય વર્ષ 2019-20ને કયા વર્ષ તરીકે ઉજવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી ?

(A) કન્સ્ટ્રક્શન વર્ષ (B) નિર્માણ – ટેક્નોલોજી વર્ષ

(C) કન્સ્ટ્રક્શન પ્રોગ્રેસ વર્ષ (D) કન્સ્ટ્રક્શન ફોર ઈન્ડિયા વર્ષ **(B)**

6. તાજેતરમાં અમેરિકાએ ભારતને કઈ યાદીમાંથી બહાર કરવાની જાહેરાત કરી છે ?

(A) GPS (B) GSP (C) GSC (D) GCS **(B)**

7. તાજેતરમાં અમેરિકાએ ભારતને GSPમાંથી બહાર કરવાનો નિર્ણય કર્યો છે. આ GSPનું પૂરું નામ શું છે ?

(A) Global System of Preferences

(B) Global Symbol of Preferences

(C) Global Sanction of Preferences

(D) Generalized System of Preferences **(D)**

8. અમેરિકામાં જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝ (GSP)નો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1971 (B) 1973 (C) 1976 (D) 1986 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 9 MARCH, 2019 SATURDAY

## ➤ અયોધ્યા વિવાદ મધ્યસ્થી દ્વારા ઉકેલવા સુપ્રીમ કોર્ટનો આદેશ

8 માર્ચ, 2019ના રોજ સુપ્રીમ કોર્ટે **અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસ**ને **મધ્યસ્થી** દ્વારા ઉકેલવાનો નિર્ણય કર્યો છે.

### સુપ્રીમ કોર્ટની કઇ બેન્ચે આ નિર્ણય કર્યો છે ?

સુપ્રીમ કોર્ટના **ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ**ની **અધ્યક્ષતા**વાળી **પાંચ સભ્યો**ની બંધારણીય બેન્ચે આ નિર્ણય કર્યો હતો. આ બેન્ચમાં નીચેના જજોનો સમાવેશ થાય છે :

(1) ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ (2) જસ્ટિસ એસ.એ. બોબડે (3) જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ
(4) જસ્ટિસ અશોક ભૂષણ (5) જસ્ટિસ એસ.એ. નઝીર

### સુપ્રીમ કોર્ટનું મહત્ત્વનું અવલોકન

મધ્યસ્થતા દ્વારા ઉકેલ લાવવાનો ચુકાદો આપતા ખંડપીઠે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં શું થયુ તે અંગે અમારે સંબંધ નથી. ભૂતકાળમાં બાબરે શું કર્યુ તેના પર અમારું કોઈ નિયંત્રણ નથી. અમે માત્ર વર્તમાન પરિસ્થિતિમાં આ વિવાદનો ઉકેલ લાવવા માગીએ છીએ.

- સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, આ માત્ર જમીનનો મામલો નથી પરંતુ લોકોની લાગણી સાથે જોડાયેલો મામલો છે.
- લોકોના દિલ અને દિમાગમાં જે ખાઈ પેદા થઈ છે એ પૂરવાનો સવાલ છે.
- ટૂંકમાં, બંને પક્ષો વચ્ચે સમાધાન દ્વારા અયોધ્યા કેસનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ આવે એ માટે સુપ્રીમ કોર્ટે મધ્યસ્થતા દ્વારા ઉકેલનો આ માર્ગ સૂચવ્યો છે.

### મધ્યસ્થતા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના

અયોધ્યા કેસના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટે **નિવૃત્ત જસ્ટિસ એફ.એમ.આઇ. કલિફુલ્લા**ની અધ્યક્ષતામાં **ત્રણ સભ્યો**ની સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર જરૂર પડે તો સમિતિ તેમાં વધુ સભ્યો સામેલ કરી શકે છે.

- આ સમિતિના ત્રણ સભ્યોમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે.
  (1) સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ એફ.એમ.આઈ. કલિફુલ્લા
  (2) આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકર
  (3) સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ શ્રી રામ પંચુ

### જસ્ટિસ એફ.એમ.આઇ. કલિફુલ્લા

**જસ્ટિસ ફકીર મુહમ્મદ ઇબ્રાહિમ કલિફુલ્લા** મૂળ **તમિલનાડુ**ના વતની છે.

- **1975**માં તેમણે **વકીલ** તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- ત્યારબાદ તેઓ **જમ્મુ-કાશ્મીર** હાઈકોર્ટના જજ અને ચીફ જસ્ટિસ પણ બન્યા હતા.
- **2012 થી 2016** સુધી તેમણે સુપ્રીમ કોર્ટના જજ તરીકે સેવા આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી શ્રી રવિશંકર

તમિલનાડુમાં જન્મેલા શ્રી શ્રી રવિશંકર ભારતના પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ છે.

- તેમણે 1981માં 'આર્ટ ઓફ લિવિંગ'ની સ્થાપના કરી હતી.
- આ અગાઉ પણ તેઓ વ્યક્તિગત રીતે અયોધ્યા વિવાદનો ઉકેલ લાવવા પક્ષકારો મધ્યે સમાધાનના પ્રયાસો કરી ચૂક્યા છે.
- આ ઉપરાંત કાશ્મીરમાં શાંતિ માટે પણ તેઓ વ્યક્તિગત રીતે પહેલ કરી ચૂક્યા છે.
- તેઓ સામાજિક અને સાંપ્રદાયિક સદ્ભાવ સાથે સંકળાયેલા કાર્યક્રમો માટે પણ જાણીતા છે.

### શ્રી રામ પંચુ

મૂળ ચેન્નાઈના શ્રી રામ પંચુ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ છે. અને તેઓ છેલ્લા 20 વર્ષથી સક્રિય મધ્યસ્થી તરીકે કામગીરી કરી રહ્યા છે.

- તેઓ દેશના અનેક જટિલ વિવાદોમાં મધ્યસ્થી કરી ચૂકયા છે.
- તેમણે મેડિયેશન ચેમ્બર્સની પણ સ્થાપના કરી છે.
- મધ્યસ્થીની બાબતમાં તેઓ દેશ–વિદેશમાં નામના ધરાવે છે.
- એસોશિયેશન ઓફ ઈન્ડિયન મીડિયેટર્સના તેઓ પ્રમુખ છે અને ઈન્ટરનેશનલ મીડિયેશન ઈન્સ્ટિટયૂટના બોર્ડમાં પણ તેઓ ડાયરેક્ટર છે.

### મધ્યસ્થતા અંગે સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશ

મધ્યસ્થતા અંગે સુપ્રીમ કોર્ટના મહત્ત્વના દિશાનિર્દેશ આ પ્રમાણે છે :

(1) એક સપ્તાહમાં ઉત્તરપ્રદેશના ફૈઝાબાદ ખાતે મધ્યસ્થીની પ્રક્રિયા શરૂ કરવામાં આવે.
(2) મધ્યસ્થીની પ્રક્રિયા બંધબારણે થશે અને સમગ્ર પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવે.
(3) આ સમગ્ર પ્રક્રિયાથી પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાને દૂર રાખવામાં આવે. તેના કોઈ અહેવાલ મીડિયામાં પ્રસિદ્ધ કરવામાં ન આવે.
(4) ઉત્તરપ્રદેશ સરકાર ફૈઝાબાદ ખાતે પેનલને જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ કરાવે.
(5) સમિતિ 4 સપ્તાહમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ સમાધાનની પ્રક્રિયાનો સ્ટેટસ રિપોર્ટ રજૂ કરે.
(6) સમિતિ દ્વારા 8 સપ્તાહમાં મધ્યસ્થીની તમામ પ્રક્રિયા પૂરી કરવામાં આવે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 'SASGUJ PROJECT'નો પાલનપુરથી શુભારંભ

7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલા પોલીસ હેડ ક્વાર્ટર ખાતેથી 'SASGUJ PROJECT'નો શુભારંભ કર્યો છે.

### SASGUJનું પૂરું નામ

'SASGUJ PROJECT'નું પૂરું નામ 'Safe and Secure Gujarat Project' છે.

### SASGUJ PROJECT શું છે ?

સાસગુજ પ્રોજેક્ટ એ CCTV કેમેરા આધારિત Surveillance (દેખરેખ) અને Integrated Traffic Management System - ITMS (એકીકૃત ટ્રાફિક સંચાલન પદ્ધતિ) છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના દરેક જિલ્લા મથકોને CCTV કવરેજ હેઠળ આવરી લેવાશે.
- દરેક જિલ્લા મથકોને CCTV કવરેજ હેઠળ આવરી લેતો આ ભારતનો સૌપ્રથમ પ્રોજેક્ટ છે.

### SASGUJ PROJECTના લાભ

(1) વ્યાપક દેખરેખથી સલામત વાતાવરણ ઉપલબ્ધ થશે.

(2) ગુન્હાઓમાં ઘટાડો થશે.

(3) ટ્રાફિક નિયમન અને નિયંત્રણમાં ઉપયોગી થશે.

(4) પોલીસ કાર્યક્ષમતામાં સુધારો થશે.

(5) જાહેર અને ખાનગી માલમિલકતના રક્ષણમાં પણ ઉપયોગી નિવડશે.

(6) આપત્તિ સમયે ઝડપી પ્રતિભાવ આપવામાં મદદ થશે.

### પ્રથમ તબક્કામાં 7 જિલ્લામાં શુભારંભ

7 માર્ચ, 2019થી પ્રથમ તબક્કામાં ગુજરાતના 7 જિલ્લાઓમાં આ પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે.

- જેમાં ગાંધીનગર, રાજકોટ ગ્રામ્ય, મહેસાણા, બનાસકાંઠા, કચ્છ પૂર્વ-ગાંધીધામ, બોટાદ અને નર્મદા એમ 7 કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.
- કુલ રૂ. 330 કરોડના ખર્ચે સાસગુજ પ્રોજેક્ટ તૈયાર થશે.
- જેમાં પ્રથમ તબક્કામાં રૂ. 187 કરોડના ખર્ચે ઉપરોક્ત 7 જિલ્લા સહિત ગુજરાતના 34 શહેરો અને 5 ધાર્મિક સ્થળો તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

**નોંધ :** CCTVનું પૂરું નામ 'Closed -Circuit Television' છે.

### Citizen First Mobile App

7 માર્ચ, 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેથી 'Citizen First' નામની Mobile App પણ લોન્ચ કરી હતી.

- આ મોબાઈલ એપની મદદથી નાગરિકોને 14થી વધુ પોલીસ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે.
- આ સેવાઓમાં FIRની કોપી, ના-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC), વેરિફિકેશન સર્ટિફિકેશન, સીનિયર સિટિઝન અંગેની માહિતી, ખોવાયેલી અને ચોરાયેલી વસ્તુઓ અંગેની માહિતી વગેરે જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભીમડાદથી શેત્રુંજી જળાશય સુધીની યોજનાનું લોકાર્પણ

7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના શેત્રુંજી ડેમ (નાની પાણીયાળી) ખાતેથી સૌની યોજના અંતર્ગત રૂ. 1787 કરોડના ખર્ચે નિર્માણ પામનાર ભીમડાદથી શેત્રુંજી જળાશય સુધીની યોજનાનું લોકાર્પણ કર્યું છે.

- આ યોજનાથી ભાવનગર અને બોટાદ જિલ્લાના 1.40 લાખ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે.
- આ ઉપરાંત ભાવનગર, પાલિતાણા, ગારીયાધાર, ગઢડા અને ઉમરાળા શહેરો માટે પીવાના પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત થશે.

## ICE Questions

1. 8 માર્ચ, 2019ના રોજ સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચે અયોધ્યા વિવાદ મધ્યસ્થી દ્વારા ઉકેલવાનો ચુકાદો આપ્યો છે...પાંચ સભ્યોની આ બેન્ચમાં નીચેનામાંથી કયા જજનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ એસ.એ. બોબડે (B) જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ
(C) જસ્ટિસ યુ.યુ. લલિત (D) જસ્ટિસ એસ.એ. નઝીર **(C)**

2. મધ્યસ્થી દ્વારા અયોધ્યા કેસના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં રચાયેલી ત્રણ સભ્યોની સમિતિમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ એફ.એમ.આઈ. કલિફુલ્લા (B) શ્રી શ્રી રવિશંકર
(C) શ્રી એસ.વી. સુથાર (D) શ્રી રામ પંચુ **(C)**

3. મધ્યસ્થી દ્વારા અયોધ્યા કેસના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે ?
(A) જસ્ટિસ ફકીર મુહમ્મદ ઈબ્રાહિમ કલિફુલ્લા (B) જસ્ટિસ અબ્દુલ મુહમ્મદ ઈબ્રાહિમ કલિફુલ્લા
(C) જસ્ટિસ ઝાકીર મુહમ્મદ ઈબ્રાહિમ કલિફુલ્લા (D) જસ્ટિસ અબ્બાસ મુહમ્મદ ઈબ્રાહિમ કલિફુલ્લા **(A)**

4. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મધ્યસ્થી દ્વારા અયોધ્યા કેસના ઉકેલ માટે ઉત્તરપ્રદેશના કયા શહેરમાં બંધબારણે વીડિયો રેકોર્ડિંગ સહિત મધ્યસ્થીની પ્રક્રિયા કરવામાં આવશે ?
(A) અયોધ્યા (B) ફૈઝાબાદ (C) લખનૌ (D) વારાણસી **(B)**

5. 7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'સાસગુજ પ્રોજેક્ટ'નો કયાંથી શુભારંભ કર્યો છે?
(A) પાલિતાણા (B) સાબરકાંઠા (C) પાલનપુર (D) પાલડી **(C)**

6. 'SASGUJ પ્રોજેક્ટ'નું પૂરું નામ શું છે ?
(A) Safe And Secure Gujarat Project (B) Safety And Security of Gujarat Project
(C) Safety for All Secure Gujarat Project (D) Safely Secure Gujarat Project **(A)**

7. 7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના કેટલા જિલ્લાઓમાં 'SASGUJ પ્રોજેક્ટ'નો પ્રારંભ થયો છે ?
(A) 7 (B) 14 (C) 24 (D) તમામ જિલ્લાઓમાં **(A)**

8. 7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'Citizen First' નામની મોબાઈલ એપ પાલનપુર ખાતેથી લોન્ચ કરી છે....આ મોબાઈલ એપના માધ્યમથી નાગરિકોને નીચેનામાંથી કઈ સેવા ઉપલબ્ધ થશે ?
(A) 14થી વધુ આરોગ્ય સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે.
(B) 14થી વધુ પોલીસ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે.
(C) 14થી વધુ બેન્કિંગ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે.
(D) 14થી વધુ શિક્ષણ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે. **(B)**

9. 7 માર્ચ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌની યોજના અંતર્ગત ભીમડાદથી શેત્રુંજી જળાશય સુધીની યોજનાનું કયાંથી લોકાર્પણ કર્યું છે ?
(A) ભીમડાદ (B) શેત્રુંજી ડેમ (મોટી પાણીયાળી), પાલનપુર
(C) શેત્રુંજી ડેમ (નાની પાણીયાળી), પાલિતાણા (D) ઉમરાળા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને હોદ્દા પરથી દૂર કરાયા

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં પાટણ ખાતે આવેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ (Vice-Chancellor) પ્રો. બી. એ. પ્રજાપતિને હોદ્દા પરથી દૂર કર્યા છે. પ્રો. બી. એ. પ્રજાપતિ સામે લોકાયુક્ત સમક્ષ આવેલી હોદ્દાનો દુરુપયોગ, ભ્રષ્ટાચાર, ગેરરીતિ જેવી ફરિયાદોને પગલે આ નિર્ણય લેવાયો છે.

## ભારત

### ➤ ઈસરો દ્વારા 'યુવા વૈજ્ઞાનિક પ્રોગ્રામ' લોન્ચ થયો

તાજેતરમાં Indian Space Research Organisation (ISRO) દ્વારા 'યુવા વૈજ્ઞાનિક પ્રોગ્રામ' લોન્ચ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ અવકાશ ટેક્નોલોજી, અવકાશ વિજ્ઞાન અને તેના ઉપયોગ અંગેની પાયાની બાબતોથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવાનો છે. આ પ્રોગ્રામ અંતર્ગત ઈસરો દ્વારા સમગ્ર ભારતમાંથી પસંદ કરવામાં આવેલા 100 વિદ્યાર્થીઓને ઉપગ્રહના નિર્માણની પ્રેકટીકલ પ્રક્રિયાથી અવગત કરાવવામાં આવશે.

### ➤ Geological Survey of India દ્વારા 22 GPS સ્ટેશનની સ્થાપના

જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભારતમાં કુલ 22 GPS સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. દેશભરમાં સ્થપાયેલા આ 22 GPS સ્ટેશનોમાં ગુજરાતમાં ગાંધીનગર ખાતે સ્થપાયેલા GPS સ્ટેશનનો પણ સમાવેશ થાય છે. ભારતમાં ભૂકંપની દષ્ટિએ જોખમી ક્ષેત્રોની ઓળખ માટે આ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે.

### ➤ BOLD - QIT Project નું ઉદ્દઘાટન

ભારતના ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહે ભારત-બાંગ્લાદેશ સરહદે આસામના ધુબરી જિલ્લામાં BOLD-QIT (Border Electronically Dominated QRT Interception Technique) Projectનું ઉદ્દઘાટન કર્યું છે. આ પ્રોજેક્ટ CIBMS (Comprehensive Integrated Border Management System)નો એક ભાગ છે. આ સિસ્ટમ અંતર્ગત કેમેરા અને વિવિધ સેન્સરની મદદથી સરહદ પર ચાંપતી નજર રાખી શકાય છે. આ પ્રોજેક્ટથી ભારત–બાંગ્લાદેશ સરહદે નદી–નાળાવાળા વિસ્તારમાં ઘૂષણખોરી રોકવામાં મદદ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ લાલ કિલ્લામાં 'આઝાદીના દીવાના મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન

તાજેતરમાં ભારતના સંસ્કૃતિ અને પર્યટન મંત્રી **ડો. મહેશ શર્મા**એ **નવી દિલ્હી**માં **લાલ કિલ્લા** ખાતે આવેલા **'આઝાદીના દીવાના મ્યુઝિયમ'**નું ઉદ્‌ઘાટન કર્યું છે. ભારતની સ્વતંત્રતામાં યોગદાન આપનાર શૂરવીરોની યાદમાં **Archaeological Survey Of India** દ્વારા આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### ➤ ગૂગલે બાળકો માટે 'બોલો' એપ (BOLO app) લોન્ચ કરી

**ગૂગલ** દ્વારા તાજેતરમાં બાળકો માટે **'બોલો'** નામની એક **એપ** લોન્ચ કરવામાં આવી છે. પ્રાથમિક સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને **અંગ્રેજી અને હિન્દી** ભાષા શીખવવામાં મદદ મળે તે માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.

### ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નાગપુર મેટ્રોનું ઉદ્‌ઘાટન

તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ગુજરાતમાં અમદાવાદ મેટ્રોના ઉદ્‌ઘાટન બાદ **મહારાષ્ટ્ર**ના **નાગપુર** શહેરમાં પણ **મેટ્રો ટ્રેન**નું લોકાર્પણ કર્યું છે. આ સાથે જ નાગપુર **મુંબઈ** બાદ મેટ્રો ટ્રેનની સુવિધા ધરાવતું **મહારાષ્ટ્રનું બીજું શહેર** બની ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ ઓસામા બિન લાદેનના પુત્ર પર દસ લાખ ડોલરનું ઈનામ

**અલ-કાયદા**ના પૂર્વ વડા આતંકી **ઓસામા બિન લાદેન**ના પુત્ર **હમઝા બિન લાદેન**ની માહિતી આપવા માટે **અમેરિકાએ દસ લાખ ડોલર**ના ઈનામની જાહેરાત કરી છે. **'ક્રાઉન પ્રિન્સ ઓફ જિહાદ'** તરીકે ઓળખાતા ઓસામા બિન લાદેનના પુત્રને અમેરિકા આતંકવાદના ઉભરતા ચહેરા તરીકે જોઈ રહ્યું છે. આથી તેણે આ ઈનામની જાહેરાત કરી છે.

### ➤ ચીને AIની મદદથી પ્રથમ મહિલા રોબોટ ન્યુઝ એન્કર બનાવી

**ચીન**ની **સોગો** નામની કંપનીએ **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)**ની મદદથી **વિશ્વની પ્રથમ મહિલા રોબોટ ન્યુઝ એન્કર**નું સર્જન કર્યું છે. **શિન શિઓમેંગ** નામની આ રોબોટ એન્કરે એક મિનિટ સુધી કોઈ જ ભૂલ વગર સમાચાર વાંચ્યા હતા. આ અગાઉ ચીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી વિશ્વના પ્રથમ પુરુષ રોબોટ ન્યુઝ એન્કરનું પણ સર્જન કર્યું છે.

### ➤ એશિયન ગેમ્સમાં ક્રિકેટનો ફરીથી સમાવેશ કરવામાં આવશે

**2022**માં **ચીન**ના **હેંગ્ઝુ** ખાતે યોજાનાર **એશિયન ગેમ્સ**માં **ક્રિકેટ**ના સમાવેશને **ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)**એ મંજૂરી આપી દીધી છે. આથી હવે વર્ષ **2022**ની એશિયન ગેમ્સમાં **ક્રિકેટ**નો પણ સમાવેશ થશે. આ અગાઉ **2010** અને **2014**માં યોજાયેલી એશિયન ગેમ્સમાં ક્રિકેટનો સમાવેશ થયો હતો. પરંતુ **2018**ની એશિયન ગેમ્સમાં તેનો સમાવેશ થયો ન હતો.


## ICE ? Questions

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કયા કુલપતિને તેમના હોદ્દા પરથી દૂર કર્યા છે ? – પ્રો. બી. એ. પ્રજાપતિ
- તાજેતરમાં ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા 'યુવા વૈજ્ઞાનિક પ્રોગ્રામ' અંતર્ગત કેટલા બાળકોને અવકાશ વિજ્ઞાન તથા સેટેલાઈટ અંગેનું શિક્ષણ આપવામાં આવશે ? – 100
- જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં કુલ કેટલા GPS સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે ? – 22
- જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભારતમાં સ્થપાયેલા 22 GPS સ્ટેશનોમાં ગુજરાતના કયા સ્ટેશનનો સમાવેશ થાય છે ? – ગાંધીનગર
- તાજેતરમાં ભારતના ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહે BOLD-QIT Projectનું ઉદ્‌ઘાટન કયાં કર્યું છે ? – ભારત–બાંગ્લાદેશ સરહદે આસામના ધુબરી જિલ્લામાં
- તાજેતરમાં ભારતના સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ડો. મહેશ શર્માએ ભારતના કયા શહેરમાં 'આઝાદીના દીવાના મ્યુઝિયમ'નું લોકાર્પણ કર્યું છે ? – નવી દિલ્હી
- પ્રાથમિક સ્કૂલના બાળકોને હિન્દી તથા અંગ્રેજી ભાષા શીખવામાં સહાયતા મળે તે માટે ગુગલ દ્વારા તાજેતરમાં કઈ એપ લોન્ચ કરવામાં આવી છે ? – બોલો
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં મહારાષ્ટ્રના કયા શહેરમાં મેટ્રો ટ્રેનનો શુભારંભ કરાવ્યો છે ? – નાગપુર
- તાજેતરમાં અમેરિકાએ ઓસામા બિન લાદેનના પુત્ર હમઝા બિન લાદેનની માહિતી માટે કેટલા ડોલરના ઈનામની જાહેરાત કરી છે ? – દસ લાખ ડોલર
- તાજેતરમાં કયા દેશ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી વિશ્વની પ્રથમ મહિલા રોબોટ ન્યુઝ એન્કર બનાવવામાં આવી છે ? – ચીન
- એશિયન ગેમ્સ 2022માં 2018ની એશિયન ગેમ્સમાં સમાવેશ થયો ન હોય તેવી કઈ રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – ક્રિકેટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર,
કલાર્ક, તલાટી, સ્ટાફ સિલેકશન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ
માટે અત્યંત ઉપયોગી પુસ્તક

# તર્કશક્તિ
# REASONING



શોર્ટકટ ટ્રીક્સ અને સ્કોરીંગ મેથડ
સાથે તદ્દન સરળ સમજૂતી અને પ્રેક્ટીસ

---


સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં
રાખીને થયેલી રીઝનિંગના વિવિધ
ટોપિકની તદ્દન સરળ રજૂઆત

---

બદલાયેલ પરીક્ષા પદ્ધતિને અનુરૂપ તૈયાર
કરાયેલ સંપૂર્ણ પરીક્ષાલક્ષી મટીરિયલ્સ

---

GPSCથી લઈને વર્ગ-3 સુધીના તમામ
વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પુસ્તક




Available at amazon

INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.






## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- UPSC
- IBPS
- SBI
- PO
- CLERK
- PSI
- PI
- CONSTABLE
- TALATI
- Dy. S.O.
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.